બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૧૦૦

# ઉકેલપત્ર : સત્સંગ પ્રારંભ

(સમય : સવારે ૯ થી ૧૨) (રવિવાર, ૭ જુલાઈ, ૨૦૧૩)

નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.
(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.
(૩) જમણી બાજુએ પ્રશ્નની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.

## ☞ અગત્યની સૂચના ☜

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ | ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

## ☞ વિશેષ નોંધ ☜

આપ જ્યારે પેપર તપાસો ત્યારે જ્યારે લાંબા જવાબોમાં દા. ત. ટૂંકનોંધ, પાંચ મુદ્દાના વાક્યો, કારણો વગેરે પ્રશ્નોમાં આપ જ્યારે ફાળવેલા ગુણ કરતાં ઓછા ગુણ આપતાં હોવ ત્યારે પરીક્ષાર્થીએ કયો મુદ્દો નથી લખ્યો જેના તમે ગુણ કાપ્યા છે. તેની તમે ટૂંકમાં ડાબી બાજુ ઉપર નોંધ લખો. દા.ત. માર્ચ-૨૦૧૩માં પ્રવેશ-૧ માં 'જોબનપગીનું પરિવર્તન' ટૂંકનોંધ પૂછાઈ હતી. જેમાં જોબનપગી પ્રાર્થના કરતાં પોતાના દોષનું વર્ણન કરતાં કહે છે. 'પ્રભુ ! હું કુળહીન, કુટિલ, કુપાત્ર, બુદ્ધિહીન છું. મેં આપને ન ઓળખ્યા. દીનબંધુ ! દયા કરો. મારું મહાપાપ મટાડો.' આ મુદ્દો પરીક્ષાર્થીએ નથી લખ્યો તો બાજુમાં તમે લખી શકો કે 'પોતાના દોષ કહે છે.' આટલું જ લખવાનું છે અને તમે ગુણ ઓછા આપી શકો છો એટલે કે ફાળવેલ ગુણ કરતાં ઓછા ગુણ આપતાં પહેલાં બાજુમાં કયો મુદ્દો નથી તેની ટૂંકમાં નોંધ લખવી જરૂરી છે.

### (વિભાગ - ૧ ઘનશ્યામ ચરિત્ર, ચોવીસમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૦)

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ :- કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''પકડાઈ જાઓ, પાછા વળો, મારી લાજ રાખો.'' (૩૨/૫૮)

➩ વશરામ મામા - ઘનશ્યામને

➩ જનોઈ સમયે બડવો દોડતી વખતે ઘનશ્યામ એવા દોડ્યા કે મામાના હાથમાં આવ્યા જ નહિ. તેથી મામા સ્તુતિ કરતાં કહે છે.

૨. ''દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર આકાશમાંથી આવીને દવા લગાડી ગયા છે.'' (૨૩/૩૯)

➩ વેણી - રામપ્રતાપભાઈને

➩ તળાવડીએ ઝાડ પરથી નીચે ઊતરતાં ઘનશ્યામને સાથળમાં ખાંપો વાગીને લોહી નીકળવા લાગ્યું. તે જોઈને સુખનંદન રામપ્રતાપભાઈને બોલાવી લાવ્યો. રામપ્રતાપભાઈ પાટો બાંધેલો જોઈને પૂછે છે.

૩. ''એકેય બ્રાહ્મણને નીચે ઊતરવા દેશો નહિ.'' (૧૭/૨૬-૨૭) ➩ ઘનશ્યામ - બાળકોને

➩ ઘનશ્યામને પકડવા બધા બ્રાહ્મણો ઝાડ પર ચડી એક એક ડાળી ઉપર ગોઠવાઈ ગયા. ઘનશ્યામ છેક ઉપરની ડાળી ઉપર ચડી ગયા. રામદત્ત ઘનશ્યામને પકડવા છેક ઉપરની ડાળે ચડવા લાગ્યો ત્યારે ઘનશ્યામ ત્યાંથી અદૃશ્ય થઈને નીચે આવીને બાળકોને કહ્યું.

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. એક એકાદશી કરવાનું કેટલું પુણ્ય છે ? (૩૧/૫૬)

જ. એક એકાદશી કરવાનું હજાર અશ્વમેધ યજ્ઞ જેટલું પુણ્ય છે.

૨. સરયૂના કિનારે ઊભેલા લોકોને ઘનશ્યામ કેવા લાગ્યા ? (૩૪/૬૨)

જ. સરયૂના કિનારે ઊભેલા લોકોને ઘનશ્યામ ભગવાન રામચંદ્ર જેવા લાગ્યા.

૩. ઘનશ્યામે બાજોઠ ઉપર મૂકેલી ત્રણ વસ્તુમાંથી કઈ વસ્તુ ઉપાડી ? (૫/૮)

જ. ઘનશ્યામે બાજોઠ ઉપર મૂકેલી ત્રણ વસ્તુમાંથી પુસ્તક ઉપાડી લીધું.

૪. કાશીમાં ઘનશ્યામે કયા મતનું સુંદર પ્રતિપાદન કર્યું ? (૪૩/૭૮)

જ. કાશીમાં ઘનશ્યામે વિશિષ્ટાદ્વૈત મતનું સુંદર પ્રતિપાદન કર્યું.

**પ્ર.૩ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **આંધળાને દેખતો કર્યો :** બીજે દિવસે ઘનશ્યામ વિદ્યાકુંડના મંદિરે દર્શન કરવા ગયા. ત્યાં વ્રજવિહારી નામનો એક આંધળો બ્રાહ્મણ પૂજારી હતો. (૪૧/૭૩)

૨. **રામદયાળને દર્શન :** એક દિવસ ભક્તિમાતાને કામ હતું, તેથી ઉતાવળે ઉતાવળે પ્રભુને પારણાંમાં પોઢાડીને રસોડામાં ગયા. (૩/૫)

૩. **બાળમિત્રોને જમાડ્યા :** ઘનશ્યામે પેલી ડાળ પર જઈ રૂમાલમાં હાથ નાખ્યો. રૂમાલમાંથી મીઠાઈ કાઢીને બધાને આપવા માંડી. (૨૮/૪૯)

૪. **વાંદરાઓને મેથીપાક ચખાડ્યો :** ઘનશ્યામે આંબલીની ડાળ સુધી હાથ લાંબો કર્યો અને વાંદરાને ગરદન પકડીને નીચે પછાડ્યો. (૧૬/૨૪)

**પ્ર.૪ નીચેના આપેલાં પ્રસંગોમાંથી કોઈ પણ એક પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

**૧. સિદ્ધિઓ પ્રભુની સેવામાં (૮/૧૧-૧૩)**

૧. ભક્તિમાતાએ ઘનશ્યામનાં મામીને રસોઈની ઉતાવળ નથી એવું કહી નીરાંતે શીરો બનાવવાનું કહ્યું.

૨. રસોઈને ઘણીવાર લાગતાં ભક્તિમાતાને ખૂબ ભૂખ લાગી. આથી ઘનશ્યામે મનોમન સિદ્ધિઓને માતા માટે ભોજન લાવવાની આજ્ઞા કરી.

૩. પળવારમાં સ્વર્ગની અપ્સરા જેવી સુંદર રંગબેરંગી ઝીણાં વસ્ત્રો પહેરેલી અષ્ટસિદ્ધિઓ બત્રીસ જાતનાં પકવાન લઈ ભક્તિમાતા પાસે આવી.

૪. સિદ્ધિઓએ માતાને પકવાન આરોગવા વિનંતી કરી પણ આભા બની ગયેલાં માતાને અચકાતાં જોઈ પ્રથમ બાળપ્રભુ જમ્યા અને માતાને પણ જમવાનું કહ્યુંઃ તે જોઈ માતા પણ જમ્યાં.

૫. એટલામાં મામી શીરો લઈને બહાર આવ્યાં, પણ આઠ સિદ્ધિઓને જોઈ નવાઈ પામ્યાં. ત્યારે સિદ્ધિઓએ માતાને કહ્યું અમે રોજ થાળ લાવીશું, ત્યારે ઘનશ્યામે ના પાડતાં કહ્યું 'મામી રસોઈમાં વાર લગાડે ત્યારે જ લાવજો.'

**૨. ગુમાનસિંહને ઘનશ્યામમાં ભગવાનનો નિશ્ચય (૨૪/૪૦-૪૨)**

૧. ધર્મદેવ અને ભક્તિમાતા ત્રણેય પુત્રોને લઈને તીર્થયાત્રા કરતાં ગુંડા ગામે આવ્યા.

૨. ઘનશ્યામની પરીક્ષા કરવાના વિચારથી રાજા ગુમાનસિંહે ધર્મદેવને સવારે દસ વાગે પુત્રોને લઈને હાજર થવાનું કહેવડાવ્યું.

૩. શાસ્ત્રોમાં ભગવાનને પડછાયો ન હોય અને ચરણમાં સોળ ચિહ્ન હોય તેવી વાત છે.

૪. ઘનશ્યામને તડકામાં ઊભા રાખ્યા તો પડછાયો ન પડ્યો ને પગ લાંબા કરાવ્યા તો સોળ ચિહ્નનાં દર્શન થયાં.

૫. ઘનશ્યામને ભગવાન જાણી રાજાએ ઘનશ્યામની ચંદન, કંકુ અને ફૂલોથી પૂજા કરી અને આરતી ઉતારી.

**૩. માસીને પરચો (૩૫/૬૩-૬૪)**

૧. ચંદનમાસી અને વસંતામાસીએ દળતાં દળતાં ઊઠો લાલ પ્રભાત ભયા હે.... પ્રભાતિયું ગાવા લાગ્યાં.

૨. પ્રભાતિયું સાંભળી ઘનશ્યામે માસીને પૂછ્યું મને શા માટે ઊઠવાનું કહો છો ? શું કામ છે તમારે ?

૩. માસીએ કહ્યું તમને કોણ બોલાવે છે ? અમે તો ભગવાનને જગાડીએ છીએ.

૪. ઘનશ્યામે ઘંટી પર હાથ મૂકતાં કહ્યું તમે જે ભગવાનને ઊઠાડતા હતા તે જ ભગવાને આ ઘંટી પર હાથ મૂક્યો છે.

૫. ફરતી ઘંટી બંધ થતાં માસીએ કહ્યું અમે તમને જ ઊઠાડીએ છીએ અને તરત ઘંટી ચાલુ થઈ.

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ૨ (૨૦/૩૦) ૨. ૧, ૨, ૩ (૪૪/૭૯) ૩. ૧, ૨ (૧૯/૨૯) ૪. ૧, ૨ (૩૭/૬૬)

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ઘનશ્યામે ભૂતોનાં પાપ માફ કરી તેમનો મોક્ષ કર્યો અને બદરિકાશ્રમમાં મોકલ્યાં. (૨૦/૩૧-૩૨)

જ. કૂવામાં રહેલા ભૂતોએ પોતાની આખી વાત ઘનશ્યામને કરી. પોતાની ભૂલો માટે માફી માગી. પાપનો નાશ કરી ઉદ્ધાર કરવાની વિનંતી કરી. ઘનશ્યામે વિનંતી સ્વીકારી ભૂતોનાં પાપ માફ કરી તેમનો મોક્ષ કર્યો અને બદરિકાશ્રમમાં મોકલ્યાં.

૨. બાવાઓ રાજી રાજી થઈ ધર્મદેવની પ્રશંસા કરવા લાગ્યા. (૨૯/૫૧-૫૨)

જ. ધર્મદેવના ઘેરથી હજાર બાવાઓને થાય એટલું અનાજ, લોટ, ગોળ, ઘી, મળતાં બાવાઓ રાજી રાજી થઈ ગયા અને ધર્મદેવની પ્રશંસા કરવા લાગ્યા.

૩. ઘનશ્યામે ગૃહત્યાગ કરવાનો નિર્ણય કર્યો. (૪૫/૮૦-૮૧)

જ. મલ્લોના માતા-પિતાની ફરિયાદ સાંભળીને રામપ્રતાપભાઈએ ઘનશ્યામને ઠપકો આપ્યો. ત્યારે ઘનશ્યામે બધું મૂંગે મોઢે સાંભળી લીધું. છેલ્લે કહ્યું : 'મોટાભાઈ ! આજ પછી મારી કોઈ ફરિયાદ નહિ આવે.' આજ સમયે ઘનશ્યામે ગૃહત્યાગ કરવાનો નિર્ણય કર્યો.

**(વિભાગ - ૨ યોગીજી મહારાજ, અઢારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''તારી ઈચ્છા પૂર્ણ થશે.'' (૭/૧૦)

➩ કૃષ્ણચરણદાસ સ્વામી - ઝીણાભાઈને

➩ કૃષ્ણચરણદાસ સ્વામી ઝીણાભાઈને સાધુ થવાનું પૂછે છે. ત્યારે ઝીણાભાઈ રાજી થકા હા પાડે છે ત્યારે કહે છે.

૨. ''જો આપ પાછા આવો, તો છેક જૂનાગઢથી જેતપુર તમારું સામૈયું કરવા આવું.'' (૧૪/૨૧)

➩ નારાયણદાસ સ્વામી - જ્ઞાનજી સ્વામીને

➩ યોગીજીમહારાજમાં સેવા અને સાધુતાના ગુણો હતા. તેથી જ્યારે યોગીજી મહારાજ જૂનાગઢ છોડી શાસ્ત્રીજી મહારાજ પાસે જતા રહ્યા ત્યારે કહેવરાવે છે.

૩. ''શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું ?'' (૨૩/૩૪)

➩ યોગીજી મહારાજ - હરિભક્તને

➩ સારણગાંઠના ઑપરેશન પછી ક્લૉરોફૉર્મની અસર ઉતરતાં સામે શાસ્ત્રીજી મહારાજને બેઠેલા જોયા ત્યારે.

**પ્ર.૮ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહિ.**

૧. યોગીજી મહારાજનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ? (૧/૧)

જ. યોગીજી મહારાજનો જન્મ ધારીમાં અને સંવત ૧૯૪૮ના વૈશાખ વદિ બારશને દિવસે થયો હતો.

૨. શાસ્ત્રીજી મહારાજ અને ઝીણા ભગતનું પ્રથમ મિલન ક્યાં થયું હતું ? (૧૦/૧૩)

જ. શાસ્ત્રીજી મહારાજ અને ઝીણા ભગતનું પ્રથમ મિલન રાજકોટમાં શ્રીકૃષ્ણજી અદાને ઘેર થયું હતું.

૩. ત્રીજી વખતના પરદેશ પ્રવાસમાં યોગીજી મહારાજે હરિભક્તોને કેટલા મહિના સત્સંગનું સુખ આપ્યું ? (૩૦/૪૫)

જ. ત્રીજી વખતના પરદેશ પ્રવાસમાં યોગીજી મહારાજે હરિભક્તોને પાંચ મહિના સત્સંગનું સુખ આપ્યું.

૪. સૌથી મોટી પદવી કઈ છે ? (૩૨/૪૯)

જ. 'દાસના દાસ થવું' એ સૌથી મોટી પદવી છે.

**પ્ર.૯ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો. (કુલ ગુણ : ૬)**

**વિષય : યોગીજી મહારાજનું કાર્ય (૨૮/૪૧, ૪૩)**

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | ૨ | ૪ | ૬ | ૮ | ૧૦ | ૧૨ |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | ૮ | ૧૦ | ૬ | ૧૨ | ૨ | ૪ |

નોંધ : (૧) ફક્ત સાચા નંબરોઃ જવાબમાં આપેલ અંક કોઈપણ ક્રમમાં લખેલ હોય પણ તમામ અંક સાચા હોય તો જ સંપૂર્ણ ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો. (૨) યથાર્થ ઘટનાક્રમઃ ઘટનાક્રમ ઉકેલપત્ર પ્રમાણે હોય તો જ સંપૂર્ણ સાચું ગણી ૩ ગુણ આપવા અન્યથા એક પણ ગુણ ન આપવો.

**પ્ર.૧૦** 'શાસ્ત્રીજી મહારાજ પ્રગટ છે' (૨૪/૩૪-૩૫) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

સંવત્ ૨૦૦૭ની સાલમાં શાસ્ત્રીજી મહારાજે માંદગી ગ્રહણ કરી. તેમણે કહ્યું : 'મેં ગઢડાની મૂર્તિઓની આરતી કરી છે. હવે તેની પ્રતિષ્ઠા યોગીજી મહારાજ કરશે. મારામાં અને યોગીમાં એક રોમનોય ફેર નથી. હું તે યોગી અને યોગી તે હું છું.' આ હતા તેમના છેલ્લા શબ્દો. વૈશાખ સુદ ચોથને દિવસે તેઓ અંતર્ધાન થયા. બીજે દિવસે તેમના ભૌતિક દેહને અગ્નિસંસ્કાર

કરવામાં આવ્યો. સૌ હરિભક્તો શોકમાં ડૂબી ગયા. સૌ વિચારવા લાગ્યા : ‘શાસ્ત્રીજી મહારાજ ગયા, હવે આપણું શું થશે ?’ આ વિચારમાં કોઈને કાંઈ સૂઝે નહિ. તે વખતે યોગીજી મહારાજે સૌને હિંમત આપતાં કહ્યું : ‘શાસ્ત્રીજી મહારાજ ક્યાં ગયા છે ? શાસ્ત્રીજી મહારાજ આપણી વચ્ચેથી ગયા છે તેમ મનાય જ નહિ, શાસ્ત્રીજી મહારાજ તો સત્સંગમાં સદાય પ્રગટ છે.’ યોગીજી મહારાજના આવા મહિમાના શબ્દો સાંભળીને સૌને પ્રતીતિ થઈ કે ‘જે શ્રીજીમહારાજ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રગટ હતા, તે જ શ્રીજીમહારાજ આજે યોગીજી મહારાજમાં પ્રગટ છે. શાસ્ત્રીજી મહારાજ હવે સૌને યોગીરૂપે સુખ આપશે. આમ સૌને યોગીજી મહારાજમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શન થયાં. સૌના જ્ઞાનચક્ષુ ખુલી ગયા. શાસ્ત્રીજી મહારાજના અક્ષરધામગમન પછી છઠ્ઠે જ દિવસે, અર્થાત્ સંવત ૨૦૦૭ના વૈશાખ સુદ દશમને દિવસે ધામધૂમથી ગઢડામાં મૂર્તિપ્રતિષ્ઠાનો સમૈયો યોગીજી મહારાજના સાન્નિધ્યમાં થયો. પચાસ હજાર હરિભક્તો ભેગા મળ્યા. ‘શાસ્ત્રીજી મહારાજ સત્સંગમાં સદાય પ્રગટ છે’ તેવી સૌને પ્રતીતિ થઈ ગઈ. વિરોધીઓનાં મન અશાંત થઈ ગયાં. તેમને તો એમ કે ‘શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા એટલે હવે કોઈ ઉત્સવ-સમૈયામાં આવશે નહિ. અક્ષરપુરુષોત્તમ સંપ્રદાય પડી ભાંગશે.’ પરંતુ ગઢડામાં યોગીજી મહારાજનો પ્રતાપ જોઈ તેઓ અંજાઈ ગયા. ચારેકોર અક્ષરપુરુષોત્તમનો જયજયકાર થઈ ગયો. યોગીજી મહારાજના વિશાળ કાર્યનો પ્રારંભ શરૂ થયો. હવે યોગીજી મહારાજે સૌનાં હૃદયમાં સ્થાન લઈ લીધું.

**પ્ર.૧૧ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. સત્સંગ સભા તો ચૂકવી જ નહિ. (૨૫/૩૬)

જ. કારણ કે એકીસાથે દરેક હરિભક્તનાં દર્શન થાય. જ્ઞાન શીખવા મળે. સભામાં શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી અને શાસ્ત્રીજી મહારાજ દિવ્ય રૂપે વિરાજતા હોય છે. માટે સત્સંગ સભા તો ચૂકવી જ નહિ.

૨. સાધુ નારાયણપ્રસાદ યોગીજી મહારાજનાં ચરણોમાં નમી પડ્યા. (૧૭/૨૬)

જ. યોગીજી મહારાજનું ખૂબ અપમાન કરનાર દ્વેષી સાધુ નારાયણપ્રસાદના પગમાંથી કાંટો કાઢી ઘા ઉપર, પાટાપીંડી કરી મગસ-પુરી જમાડી પથારી કરી સુવાડ્યા. સવારે કારિયાણી જવા ગાડું જોડાવી તૈયાર કરી આપ્યું. નારાયણપ્રસાદના હૃદયમાં પરિવર્તન થયું. તેમને થયું : મેં અપમાન કર્યું તો ય યોગીએ મારી સેવા કરી. મને એક શબ્દ પણ ઠપકાનો ન કહ્યો. તેથી સાધુ નારાયણપ્રસાદ યોગીજી મહારાજનાં ચરણોમાં નમી પડ્યા.

૩. ગરાસિયા ભક્તે ઝીણા ભગતને કહ્યું, ‘તમે તો મહાન સદ્‌ગુરુ થશો.’ (૧૧/૧૫)

જ. ઊર્ધ્વરેખાવાળા સત્પુરુષ તો કોઈક જ હોય અને તેવા સત્પુરુષ તો ભગવાનનું સ્વરૂપ કહેવાય. તેમની પાછળ લાખો મનુષ્ય ફરે તથા તેમની સેવા માટે પ્રાર્થના કરે તેમજ શ્રીજીમહારાજ તેમનાથી એક ક્ષણ પણ જુદા ન રહે. તેથી જ્યોતિષ-શાસ્ત્રના વિદ્વાન તથા સામુદ્રિક ચિહ્નના જાણકાર ગરાસિયા ભક્તે યોગીજી મહારાજના પગમાં ચમત્કારીક ઊર્ધ્વરેખા જોઈને કહ્યું તમે તો મહાન સદ્‌ગુરુ થશો.

**(વિભાગ - ૩ કિશોર સત્સંગ પ્રારંભ, અઢારમી આવૃત્તિ - જાન્યુઆરી, ૨૦૧૨)**

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબના ગુણ આપવા નહિ.**

૧. જોધાની ભક્તિ કોના જેવી હતી ? (૧૩/૨૫)

જ. જોધાની ભક્તિ વ્રજના ગોપ જેવી હતી.

૨. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ક્યારે થયો હતો ? (સંવત અને તિથિ) (૧૫/૨૭)

જ. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ સંવત ૧૮૪૧ના આસો સુદિ પૂનમને દિવસે થયો હતો.

૩. ભગુજીની રક્ષા કરવા શ્રીજીમહારાજે સચ્ચિદાનંદ સ્વામીને શું આજ્ઞા કરી ? (૧૦/૧૯)

જ. ભગુજીની રક્ષા કરવા શ્રીજીમહારાજે સચ્ચિદાનંદ સ્વામીને આજ્ઞા કરી ‘તમે અહીં બેસીને કાળ આવે તો તેને મારીને ભગાડજો. ભગુજીને આપણે નવું જીવન આપવું છે.’

૪. વજીબા કેવા ભક્ત હતા ? (૨૨/૪૭)

જ. વજીબા ભગવાનનાં દઢ ભક્ત હતાં.

**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✓) નિશાની કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. ફક્ત તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૩ (૨૧/૪૬) **૨.** ૧, ૨ (૪/૫) **૩.** ૧, ૩ (૭/૧૧-૧૨) **૪.** ૨, ૪ (૮/૧૪-૧૫)

**પ્ર.૧૪ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૪)**

૧. મહારાજ, સોઢી (૧૪/૨૫)   ૨. સદ્‌બુદ્ધિ, સદ્‌ગુણો (૩/૫)   ૩. શ્રીજીમહારાજ, ગઢડા (૬/૧૧)

૪. બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (૧૭/૩૯)

**પ્ર.૧૫ નીચે આપેલા કીર્તન / અષ્ટક / શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. શોભો સાધુ ગુણે સદા સરળ ને જક્તે અનાસક્ત છો, શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની કૃપાતણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા ગંભીર જ્ઞાને જ છો, નારાયણસ્વરૂપદાસ ગુણીને સ્નેહે જ વંદુ અહો ! (૯/૧૮)

૨. ગળ્યા સાટા ઘેબર ફૂલવડી, દૂધપાક માલપૂઆ કઢી, પૂરી પોચી થઈ છે ઘીમાં ચઢી ...જમો થાળ
અથાણાં શાક સુંદર ભાજી, લાવી હું તરત કરી તાજી, દહીં ભાત સાકર છે ઝાઝી.....(૧૨/૨૩)

૩. નિત્ય નિત્ય નૌતમ લીલા, કરતા અવિનાશી, પ્રભુ (૨) અડસઠ તીરથ ચરણે, (૨) કોટિ ગયા કાશી.
પુરુષોત્તમ પ્રગટનું, જે દર્શન કરશે, પ્રભુ (૨) કાળ કરમથી છૂટી, (૨) કુટુંબ સહિત તરશે. (૯/૧૭)

૪. અમે સૌ સ્વામીના બાળક, મરીશું સ્વામીને માટે, અમે સૌ શ્રીજીતણાં યુવક, લડીશું શ્રીજીને માટે.
નથી ડરતા નથી કરતાં, અમારા જાનની પરવા, અમારે ડર નથી કોઈનો, અમે જન્મ્યા છીએ મરવા. (શૌર્યગીત)

**પ્ર.૧૬** 'સ્વામિનારાયણ નામના...' (૧૬/૩૧) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ કરો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- સ્વામીની વાત પૂરી લખી હોય તો - ૧ ગુણ, નિરુપણના - ૪ ગુણ.**

**"સ્વામિનારાયણ નામના મંત્ર જેવો બીજો કોઈ મંત્ર આજ બળિયો નથી. ને એ મંત્રે કાળા નાગનું પણ ઝેર ન ચડે. એ મંત્રે વિષય ઊડી જાય છે ને બ્રહ્મરૂપ થવાય છે ને કાળ, કર્મ ને માયાનું બંધન છૂટી જાય છે, એવો બહુ બળિયો એ મંત્ર છે. માટે નિરંતર ભજન કરવું."** ભગવાનના નામના મંત્રમાં બહુ બળ છે. કાળા નાગનું ઝેર ચડે ને કાંઈ દવા ન કરે તો પણ ભગવાનના આ મંત્રથી ઝેર ઊતરી જાય. આ વાત આપણા ગુરુ યોગીજી મહારાજે સાબિત કરી બતાવી છે. ગોંડળમાં મંદિરનું કામ ચાલતું હતું. એક રાત્રે યોગીજી મહારાજને એક મોટો કાળો સર્પ તેમની આંગળીએ કરડ્યો. તેમને તો ખબર ન હતી. મંદિરમાં રહેતા ભક્તિવલ્લભ સ્વામીએ સાપ નીકળતો જોયો. તેમણે કહ્યું કે સ્વામીને તો આ ઝેરી સાપ જ કરડ્યો છે. તેમણે શાસ્ત્રીજી મહારાજને વાત કરી. સ્વામીએ કહ્યું કે 'દેરીમાં સૌ ધૂન કરો.' તેથી સૌએ ધૂન શરૂ કરી. ગોંડળના મહારાજાને આ વાતની ખબર પડી. ત્યારે તેમણે પોતાના ડૉક્ટરને સ્વામીની દવા કરવા મોકલ્યા, પણ સ્વામીએ કહ્યું કે અમારે દવા નથી કરાવવી. સ્વામિનારાયણ નામની ધૂનથી જ ઝેર ઊતરી જશે. પછી બાર કલાકે ઝેર ઊતરી ગયું. પણ ઝેર બહુ આકરું હતું. તે ડાબા હાથની પહેલી આંગળીનું હાડકું વળી ગયું. સ્વામીની પહેલી આંગળી સહેજ વાંકી વળી ગઈ હતી. માટે આપણે પણ એ સ્વામિનારાયણ મંત્ર ખૂબ જપીશું.

**પ્ર.૧૭** 'સામત પટેલ' (૧૧/૨૦-૨૧) - **પ્રસંગના ફક્ત મુખ્ય પાંચ મુદ્દા (વાક્યના સ્વરૂપમાં) લખો. (સળંગ વર્ણન કરવાનું નથી) (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- આ પ્રમાણે જ વાક્ય લખ્યાં હોય તેવું જરૂરી નથી. પરીક્ષાર્થીઓએ પોતાની રીતે મુખ્ય પાંચ વાક્યો લખ્યાં હોય અને પ્રસંગ પૂર્ણ થતો હોય તો ગુણ આપવા જ.**

૧. વાળાક દેશના આહીર સામત પટેલ શ્રીજીમહારાજના દર્શન કરવા ગઢડા આવ્યા ત્યારે મહારાજને મંદિરનું કામ કરનાર કડિયાને પગાર ચૂકવવા રૂપિયાની જરૂર હતી.

૨. મહારાજે પટેલને કહ્યું : 'અમારે થોડા રૂપિયા જોઈએ છે તે આપશો ?' પટેલે તરત જ હા પાડી.

૩. પટેલે ઘેર જઈને પોતાની જમીન, ગાડું, બળદ, ભેંસો બધું વેચીને રૂપિયા સાડા ચાર હજાર લઈને મહારાજ પાસે આવીને ઢગલો કરતાં મહારાજે પૂછ્યું આટલા બધા રૂપિયા ક્યાંથી લાવ્યા ?

૪. અંતર્યામીથી શું અજાણ્યું હોય ? પણ મહારાજના કહેવાથી પટેલે બધી વાત કરી ત્યારે મહારાજે કહ્યું : 'હું એક હજાર રૂપિયા જ રાખીશ. તમારા છોકરાં દાણા વગર ભૂખ્યાં મરે.'

૫. અમે બીજે ગામથી ઉછીના દાણા લાવી ખાઈશું અને બીજે વરસે ભરી દેશું. આ સાંભળી મહારાજ બહુ રાજી થયા.

❑ ❑ ❑